# * 5. यक्ष-युधिष्ठिरसंवादः *

[**પ્રસ્તાવના :** મહર્ષિ વ્યાસ રચિત મહાભારત એક વિશ્વકોષ સમો ગ્રંથ છે. એક લાખ શ્લોકોની સંખ્યા ધરાવતા આ મહાન ગ્રંથ માટે કહેવાયું છે કે यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न तत्क्वचित्। અર્થાત્ અહીં મહાભારતમાં જે છે, તે જ અન્યત્ર છે. જે અહીં નથી, તે બીજે ક્યાંય નથી. આ કથન દ્વારા કરવામાં આવેલી ઘોષણા અક્ષરશઃ સાચી છે.

આ ઉપરાંત એક બીજી બાબત પણ ધ્યાનપાત્ર છે. મહાભારતમાં વિષયવસ્તુનું પ્રસ્તુતીકરણ વૈવિધ્યસભર છે. સામાન્ય રીતે મહાભારતનું સમગ્ર કથાનક સંવાદાત્મક છે. જુદા જુદા પ્રસંગને અનુરૂપ જુદાં જુદાં પાત્રો વચ્ચે રચાયેલા વિવિધ સંવાદો પૈકી યક્ષ અને યુધિષ્ઠિરનો સંવાદ સુપ્રસિદ્ધ છે. (મહાભારત, વનપર્વ, અધ્યાય 312, 313, 314) આ સંવાદની પૃષ્ઠભૂમિ કંઈક આ પ્રકારે છે.

વનવાસી જીવન જીવતા પાંડવો એકવાર કોઈ વૃક્ષ નીચે વિશ્રામ કરી રહ્યા હતા. તે દરમિયાન તરસ લાગતાં પીવાનું પાણી લેવા માટે નકુલ અને સહદેવને મોકલવામાં આવ્યા. ઘણો સમય પસાર થયો, છતાં એ પાછા આવ્યા નહિ, એટલે અર્જુનને અને તે પણ પરત ન આવતાં ભીમને મોકલવામાં આવ્યો. ઘણો સમય થયા પછી ભીમ પણ પાછો આવ્યો નહિ એટલે યુધિષ્ઠિર સ્વયં જાય છે. સરોવરના કિનારે પહોંચીને યુધિષ્ઠિર પોતાના ચારેય ભાઈઓને અચેતન પડેલા જોઈ આશ્ચર્ય પામે છે. યુધિષ્ઠિર જ્યારે સરોવરના જળને લેવાનો ઉપક્રમ કરે છે, ત્યારે અદૃશ્ય રહેલો કોઈ યક્ષ તેને રોકે છે અને જણાવે છે કે આ બધા તમારા ભાઈઓને મેં જ અચેતન કર્યા છે. તમારે પણ આ સરોવરનું પાણી લેવું હોય અને ભાઈઓને સચેત કરવા હોય, તો મારા પ્રશ્નોના ઉત્તર આપો. યુધિષ્ઠિર સંમત થાય છે અને એ સમયે યક્ષની સાથે જે સંવાદ રચાય છે, તે યક્ષ-યુધિષ્ઠિર સંવાદના નામે પ્રસિદ્ધ છે. આમાંથી પસંદગીનાં પદ્યોનો પ્રસ્તુત પાઠમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. પ્રથમ બે પદ્યો સંવાદની ભૂમિકારૂપ છે. તે પછીનાં પદ્યોમાં ક્રમશઃ યક્ષના પ્રશ્નો છે અને યુધિષ્ઠિરના ઉત્તરો છે. તૃતીય પદ્યથી લઈ દસમા પદ્ય સુધી કુલ સોળ પ્રશ્નોત્તર છે. છેલ્લાં ત્રણ પદ્યો સંવાદના ઉપસંહાર માટે છે. ]

---

यक्ष उवाच –

पार्थ ! मा साहसं कार्षीः मम पूर्वपरिग्रहः।
प्रश्नान् उक्त्वा तु कौन्तेय ततः पिब हरस्व च ॥ 1 ॥

युधिष्ठिर उवाच –

न चाहं कामये यक्ष तव पूर्वपरिग्रहम्।
यथाप्रज्ञं तु ते प्रश्नान् प्रतिवक्ष्यामि पृच्छ माम् ॥ 2 ॥

यक्ष उवाच –

किंस्वित् गुरुतरं भूमेः किंस्वित् उच्चतरं च खात्।
किंस्वित् शीघ्रतरं वायोः किंस्वित् बहुतरं तृणात् ॥ 3 ॥

युधिष्ठिर उवाच –

माता गुरुतरा भूमेः खात् पितोच्चतरः तथा।
मनः शीघ्रतरं वायोः चिन्ता बहुतरी तृणात् ॥ 4 ॥

यक्ष उवाच –

किंस्वित् प्रवसने मित्रं किंस्वित् मित्रं गृहे सतः।
आतुरस्य च किं मित्रं किंस्वित् मित्रं मरिष्यतः ॥ 5 ॥

युधिष्ठिर उवाच –

सार्थः प्रवसने मित्रं भार्या मित्रं गृहे सतः।
आतुरस्य भिषक् मित्रं दानं मित्रं मरिष्यतः ॥ 6 ॥

यक्ष उवाच –

धन्यानामुत्तमं किंस्वित् धनानां स्यात् किमुत्तमम्।
लाभानामुत्तमं किं स्यात् सुखानां स्यात् किमुत्तमम् ॥ 7 ॥

युधिष्ठिर उवाच –

धन्यानामुत्तमं दाक्ष्यं धनानामुत्तमं श्रुतम्।
लाभानां श्रेष्ठमारोग्यं सुखानां तुष्टिरुत्तमा ॥ 8 ॥

यक्ष उवाच –

प्रियवचनवादी किं लभते विमृशितकार्यकरः किं लभते।
बहुमित्रकरः किं लभते धर्मरतः किं लभते कथय ॥ 9 ॥

युधिष्ठिर उवाच –

प्रियवचनवादी प्रियो भवति विमृशितकार्यकरोऽधिकं जयति।
बहुमित्रकरः सुखं वसते यश्च धर्मरतः स गतिं लभते ॥ 10 ॥

यक्ष उवाच –

व्याख्यातः पुरुषो राजन् यश्च सर्वधनी नरः।
तस्मात् त्वमेकं भ्रातॄणां यमिच्छसि स जीवतु ॥ 11 ॥

युधिष्ठिर उवाच –

आनृशंस्यं परो धर्मः परमार्थाश्च मे मतम्।
आनृशंस्यं चिकीर्षामि नकुलो यक्ष जीवतु ॥ 12 ॥

यक्ष उवाच –

तस्य तेऽर्थाच्च कामाच्च आनृशंस्यं परं मतम्।
तस्मात् ते भ्रातरः सर्वे जीवन्तु भरतर्षभ ॥ 13 ॥

## ટિપ્પણી

**1. पार्थ** પૃથા(કુન્તી)નો પુત્ર, અહીં યુધિષ્ઠિર **मा कार्षीः ( कृ** કરવું **अ.भू. म.ए.व. )** (અહીં ક્રિયાપદ **अ.भू.का.** નું છે. તેની સાથે **मा** (અવ્યય)નો પ્રયોગ થયો છે. તેથી (**अकार्षीः** રૂપને બદલે **कार्षीः** રૂપ રહે છે. અને) અહીં પ્રસંગ મુજબ આજ્ઞાર્થનો અર્થ લેવાય છે.) કરીશ નહિ. **पूर्वपरिग्रहम्** પ્રથમ અધિકારને **उक्त्वा ( वच्** બોલવું **क्त्वा > त्वा. सं.भू.कृ. )** કહીને **कौन्तेय** કુન્તીપુત્ર, અહીં યુધિષ્ઠિર **पिब ( पा-पिब्** પીવું **आ. म.ए.व. )** તું પી. **हरस्व ( हृ** હરવું, લઈ જવું **आज्ञा. म.ए.व. )** લઈ જા.

**2. न कामये ( कम्** ચાહવું, કામના કરવી **व. उ.ए.व. )** હું ચાહતો નથી. **पूर्वपरिग्रहः ( पूर्वस्य परिग्रहः – ष.तत्पु. )** અગાઉનો આગ્રહ, પહેલાંની વાત **यथाप्रज्ञम् ( प्रज्ञाम् अनतिक्रम्य, अव्य. )** બુદ્ધિ પ્રમાણે, બુદ્ધિનું અતિક્રમણ ન થાય તે રીતે **पृच्छ ( पृच्छ्** પૂછવું **आज्ञा म.ए.व. )** તું પૂછ.

**3. किंस्वित्** કઈ એક વસ્તુ, શું **खात् ( खम्** આકાશ **पं.ए.व. )** આકાશ કરતાં, આકાશથી **उच्चतरम्** વધારે ઊંચું **शीघ्रतरम्** વધારે ઝડપી **बहुतरम्** બહુ વધારે.

**4. गुरुतरा** (**गुरु** વિશેષણનું **तर** પ્રત્યયાન્તરૂપ, સ્ત્રીલિંગ) વધારે ભારે, **बहुतरी** બહુ વધારે, ઘણી વધારે.

**5. प्रवसने** પ્રવાસ દરમિયાન, યાત્રામાં **गृहे सतः** ગૃહમાં રહેલાનો, ઘરમાં અસ્તિત્વ ધરાવનારનો **आतुरस्य** બીમારનો, રોગીનો.

**6. सार्थः** સંઘ, સાથે સાથે યાત્રા કરનાર વર્ગ **मरिष्यतः** મરતા માણસનો **भार्या** પત્ની ( પર્યાય - **जाया, सहधर्मिणी )** **भिषक्** વૈદ્ય, ડૉક્ટર

**7. धन्यानाम् ( धन्य नपुं. ष. ब.व.** અહીં વાપરવામાં આવેલી ષષ્ઠી વિભક્તિ નિર્ધારણ અર્થમાં છે. તેથી આ ષ. વિ.નો અર્થ ધન્ય (વ્યક્તિ)ઓમાં કે ધન્ય (વ્યક્તિ)ઓમાંથી – એવો કરવાનો રહે છે. આગળ પણ આવી જ રીતે સમજવું. **)** સદ્ભાગીઓમાં **धनानाम्** ધનસંપત્તિઓમાં **उत्तमम्** શ્રેષ્ઠ

**8. दाक्ष्यम्** કુશળતા, દક્ષતા ( પર્યાય શબ્દ - **पटुता, नैपुण्यम् ) श्रुतम्** જ્ઞાન **तुष्टि** સંતોષ

**9. प्रियवचनवादी ( प्रियं च तत् वचनम् - कर्म., प्रियवचनं वदति इति प्रियवचनवादी – उप. तत्पु. )** પ્રિયવચન બોલનાર **धर्मरतः ( धर्मे रतः – स. तत्पु. )** ધર્મમાં લીન રહેનાર **विमृशितकार्यकरः ( विमृशितम् च तत् कार्यम् – कर्म., विमृशितकार्यम् करोतीति – उप. तत्पु. )** વિચારપૂર્વકના કાર્યને કરનાર **अधिकं जयति ( जि** જય પામવો, જીતવું **व.अ.ए.व. )** વધારે જય પામે છે. ઘણું જીતે છે. **बहुमित्रकरः** ઘણા બધાને મિત્ર બનાવનાર **धर्मरतः** ધર્મમાં લાગેલો, ધર્મપરાયણ **गतिम्** સદ્ગતિને **लभते** પ્રાપ્ત કરે છે.

**10. व्याख्यातः** કહેવામાં આવ્યો છે. સમજાવવામાં આવ્યો છે. **सर्वधनी ( सर्वे धनम् यस्य सः – बहु. )** બધા (પ્રાણીઓ) છે ધન જેનું તેવો. વળી, **सर्वधनी ( सर्वम् च तत् धनम् - कर्म., सर्वधनं यस्यास्ति इति – सर्वधनिन् -त.प्र. )** સર્વ બધું જ છે ધન જેનું તેવો, પુષ્કળ ધનવાળો **भ्रातॄणाम्** ભાઈઓમાંથી **यम् ( यत् सर्व. पुं. द्वि. ए.व. )** જેને **इच्छसि ( इष्** ઇચ્છવું **व. म. ए.व. )** તું ઇચ્છે છે. **जीवतु ( जीव्** જીવવું **आज्ञा अ.ए.व. )** જીવતો થાય.

**11. आनृशंस्यम्** દયા, અનુકંપા **चिकीर्षामि ( कृ** કરવું (ઇચ્છાદર્શક રૂપ) + **सन् = चिकीर्ष व. उ. ए.व. )** કરવાની ઇચ્છા રાખું છું.

**12. परम्** ઉત્તમ, શ્રેષ્ઠ **अर्थात् परम्** ધન કરતાં પણ આગળ, ધન કરતાં વધારે **कामात् परम्** કામના-ઇચ્છા કરતાં પણ આગળ, કામના કરતાં પણ વધારે **मे मतम्** મારો મત છે. **भरतर्षभ ( सं. प्र. ए.व. )** હે ભરતકુળમાં જન્મેલાઓમાં ઉત્તમ (યુધિષ્ઠિર) !

## સન્ધિ

चाहम् (च अहम्)। पितोच्चतरः (पिता उच्चतरः)। धन्यानामुत्तमम् (धन्यानाम् उत्तमम्)। तथोत्तमम् (तथा उत्तमम्)। तुष्टिरुत्तमा (तुष्टिः उत्तमा)। यमिच्छसि (यम् इच्छसि)। तेऽर्थाच्च (ते अर्थात् च)। कामाच्च (कामात् च)।

## વિશેષ

**1. यक्षः**

પુરાણ અનુસાર યક્ષ, કિન્નર, ગંધર્વ વગેરે અર્ધદિવ્ય જાતિ છે. યક્ષને પૂજનીય માનવામાં આવે છે. કવિ કાલિદાસના મેઘદૂતનો નાયક પણ કોઈક યક્ષ છે. યક્ષના રાજા તરીકે કુબેરની પ્રસિદ્ધિ છે. પુરાણાદિમાં ઘણા બધા યક્ષોની કથાઓ આવે છે.

**2. युधिष्ठिरः**

યુધિષ્ઠિર, કુરુકુળના રાજા પાંડુ અને કુન્તીનો પુત્ર છે. તેના અર્જુન, ભીમ, નકુલ અને સહદેવ - એ ચાર નાના ભાઈ છે. યુધિષ્ઠિર હંમેશાં નીતિ, ધર્મ, સદાચારના આગ્રહી રહ્યા છે. એમનો જન્મ યમ અથવા ધર્મના મંત્રના પ્રભાવથી થયો હતો, માટે તેમને ધર્મરાજ પણ કહે છે. વનમાં તેમણે યક્ષની સાથે સંવાદ કર્યો હતો. આ સંવાદ દરમિયાન યક્ષે પૂછેલા કૂટપ્રશ્નોના ઉચિત ઉત્તરો આપ્યા હતા અને યક્ષને પ્રસન્ન કરીને પોતાના ચારેય ભાઈઓને સજીવન કરાવ્યા હતા.

## વિરુદ્ધાર્થી શબ્દો

| | | |
|---|---|---|
| गुरुतरम् – लघुतरम्। | सार्थः – निरर्थः। | श्रुतम् – अश्रुतम्। |
| उच्चतरम् – निम्नतरम्। | दानम् – प्रतिग्रहः। | आरोग्यम् – अनारोग्यम्। |
| शीघ्रतरम् – मन्दतरम्। | धन्यः – अधन्यः। | धर्मरतः – अधर्मरतः। |
| मित्रम् – शत्रुः। | उत्तमम् – अनुत्तमम्। | अधिकम् – अल्पम्। |
| आतुरः – अनातुरः। | लाभः – हानिः। | व्याख्यातः – अव्याख्यातः। |

## સ્વાધ્યાય

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत।**

(1) यथाप्रज्ञम् ते प्रश्नान् प्रतिवक्ष्यामि। – આ વાક્ય કોણ બોલે છે ?

(क) યક્ષ (ख) અર્જુન (ग) યુધિષ્ઠિર (घ) નકુલ

(2) ધનસંપત્તિમાં ઉત્તમ શું છે ?

(क) જ્ઞાન (ख) શાસ્ત્ર (ग) શસ્ત્ર (घ) સુવર્ણ

(3) તૃણથી ઘણી વધારે શું છે ?

(क) ચિંતા (ख) શાંતિ (ग) બુદ્ધિ (घ) તુષ્ટિ

(4) યુધિષ્ઠિર સૌપ્રથમ કોને જીવિત કરવાનું કહે છે ?

(क) અર્જુન (ख) સહદેવ (ग) નકુલ (घ) ભીમ

**2. संस्कृतभाषया उत्तरं लिखत।**

(1) सुखानाम् उत्तमं किं स्यात् ?

(2) दाक्ष्यं केषाम् उत्तमम् ?

(3) आतुरस्य कः मित्रम् ?

(4) कः गतिं लभते ?

(5) बहुमित्रकरः किं लभते ?

**3. માતૃભાષામાં ઉત્તર આપો :**

(1) યક્ષે અન્ય ચાર પાંડવોને શા માટે અચેતન કરી દીધા હતા ?

(2) ભૂમિથી ભારે અને આકાશથી ઊંચું કોણ છે ?

(3) પ્રવાસી અને ગૃહસ્થીનો મિત્ર કોણ છે ?

(4) પ્રિય વચન બોલનાર શું પ્રાપ્ત કરે છે ?

(5) યક્ષ બધા ભાઈઓને શા માટે જીવિત કરે છે ?

**4. વિવરણાત્મક નોંધ લખો :**

(1) યક્ષ

(2) યુધિષ્ઠિર

**5. સમીક્ષાત્મક નોંધ લખો :**

(1) યક્ષ-યુધિષ્ઠિરનો સંવાદ

(2) યક્ષ-યુધિષ્ઠિર સંવાદની પૃષ્ઠભૂમિ

**6. સસંદર્ભ સમજાવો :**

(1) आनृशंस्यं परो धर्मः परमार्थाच्च मे मतम्।

•